મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૫ ટકા

**ગાંધીનગર તાપમાન**

# વાર્ષિક સાધારણ સભા ના થવાને કારણે રહેણાંક સોસાયટીઓમાં અનેક પ્રશ્નો અટવાયા

## નવા નાણાંકીય વર્ષને બે માસનો સમય વીતવા છતાં વાર્ષિક સાધારણ સભા યોજી શકાતી નથી : નવી કારોબારી સમિતિની વરણીથી લઈને મેન્ટેનન્સ, વાર્ષિક હિસાબો સહિતના પ્રશ્નો અટવાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં અનલોક-૧ના પ્રારંભે જ ફરી જનજીવન પુનઃ ધબકતું થયું છે અને ધીમે ધીમે દરેક ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત ગોઠવાતી જઈ રહી છે. જો કે હજુ પણ જિલ્લામાં કલમ-૧૪૪ અમલમાં હોવાને કારણે જાહેર મેળાવડા કે સમારંભો વગેરે પર પ્રતિબંધ યથાવત છે અને આ સ્થિતિમાં ગાંધીનગરની તથા આસપાસના વિસ્તારોમાં વિકસેલી હાઉસિંગ કો-ઓપરેટીવ સોસાયટીઓમાં હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦ પુરું થયાને બે માસનો સમય પસાર થઈ ગયો હોવા છતાં સોસાયટીઓમાં વાર્ષિક જનરલ સભાનું આયોજન થઈ શકતું નથી જેના કારણે જુના હોદ્દેદારો દ્વારા હિસાબની સોંપણી, નવી કારોબારી સમિતિની રચના, સોસાયટી મેન્ટેનન્સની રકમ નિર્ધારિત કરવા સહિતના કાર્યો મુલત્વી રાખવા પડયાં છે.

સામાન્ય રીતે દરેક રહેણાંક સોસાયટીમાં હિસાબી વર્ષ પુરું થાય એટલે એપ્રિલ માસમાં સોસાયટીના સભ્યોની વાર્ષિક જનરલ મિટીંગ યોજાતી હોય છે. જેમાં નવા હિસાબી વર્ષ માટેની કારોબારી સમિતિની રચના કરવી, ગત વર્ષના હિસાબો રજૂ કરવા, ઓડિટ રિપોર્ટ રજૂ કરવો, નવા વર્ષ માટે સોસાયટીના મેન્ટેનન્સની રકમ નક્કી કરવા ઉપરાંત સોસાયટીમાં અન્ય કોઈ મુદ્દે જેવા કે પાર્કિંગ, પાણી, કોઈ મોટું મરામત કાર્ય કે નવી કોઈ સુવિધા વગેરે અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવતા હોય છે. વળી, જુની કારોબારી સમિતિ બેઠકના અંતે નવી વરાયેલી સમિતિને હિસાબો તથા તેના ચોપડા-દસ્તાવેજો વગેરેની સોંપણી કરતી હોય છે. જો કે આ વર્ષે કોવિડ-૧૯ મહામારીના કારણે ચાલી રહેલા લોકડાઉનમાં કલમ-૧૪૪ લાગુ કરવામાં આવી હોવા સાથે જાહેર સમારંભ મેળાવડા કે બેઠકો પર પ્રતિબંધ હોવાથી આ શકય બન્યું નથી. હવે લોકડાઉન પુરું થઈ ગયું હોવા છતાં કલમ-૧૪૪ની સ્થિતિ અંગે કોઈ સ્પષ્ટતા ના હોવાને કારણે કોઈ પણ હાઉસિંગ સોસાયટી વાર્ષિક જનરલ સભાનું આયોજન કરી શકે તેમ નથી. આયોજન કરવા માટે પોલીસ વિભાગ તથા વહીવટી તંત્ર પાસે મંજૂરી માંગવી પડે જે મળવી શકય નથી. આ સ્થિતિમાં ગાંધીનગર શહેર સહિત આસપાસના ગુડા વિસ્તારો જેવા કે વાવોલ કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ વગેરેમાં વિકેસલી ફલેટ, ટેનામેન્ટ, એપાર્ટમેન્ટ કે બંગ્લોઝ સહિતની તમામ હાઉસિંગ સોસાટીઓમાં વાર્ષિક સાધારણ સભા યોજવી શકય બની રહી નથી જેના કારણે દરેક સોસાયટીઓએ જુની કારોબારી સમિતિના જે તે નિર્ણયોને યથાવત રાખીને આગળનો વહીવટ સંભાળવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં સોસાયટી માટેના કેટલાક નીતિ વિષયક નિર્ણયો જેમાં વાર્ષિક સાધારણ સભામાં તમામ સભ્યો સમક્ષ મુકી બહુમતીથી નિર્ણય લેવો જરૂરી હોય તેવા કાર્યો અટવાઈ પડેલા જોવાઈ રહ્યા છે. આ કારણે ઘણી સોસાયટીઓમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ, થર્મલ સ્કેનિંગ તેમજ ફરજિયાત માસ્ક જેવા કોવિડ-૧૯ની ગાઈડલાઈનના મુદ્દાઓના પાલન સાથે જનરલ મિટીંગ યોજવા મંજૂરી અપાય તેવી માંગ ઉઠવા પામી છે.





છેલ્લા ઘણા દિવસોથી સમગ્ર દેશ કટોકટીના કાળમાંથી પસાર થઈ રહ્યો છે. કોરોના જેવા અજાણ્યા દુશ્મન સામે સમગ્ર ભારતવાસીઓ લડાઈ લડી રહ્યા છે. આ લડાઈમાં ફ્રન્ટલાઈન પર મેડીકલ-પેરા મેડીકલ સ્ટાફ સહિત વહીવટી તંત્ર કોરોના વોરીયર બની કોરોના સામે જંગ લડી રહ્યા છે. આવા જ એક નગરના કોરોના વોરીયર સેનેટરી સબ ઈન્સ્પેકટર હેતલબેનનો જન્મદિવસ હોવાથી તેઓનો ઉત્સાહ વધારવા માટે વોર્ડ નં. ૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ અને મનપાના કર્મચારીઓએ તેઓના જન્મદિવસની સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે ઉજવણી કરી હતી.

## વોર્ડ-૭માં ગેરકાયદેસર દબાણો હટાવવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨

લોક ડાઉન ચાલી રહ્યું હોવાને કારણે શહેરના વ્યવસ્થાપનમાં પણ તેની અસર જણાઈ રહી છે. શહેરમાં ઠેર-ઠેર રસ્તાઓ બનતા હોવાથી ખોદકામ ડાયવર્ઝન જેને લીધે થતો ટ્રાફિક સાથે અનેક સમસ્યાઓ છે. આ ઉપરાંત અનઅધિકૃત દબાણના લીધે સેક્ટરવાસીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.

ઝુંપડપટ્ટીઓ અને અનઅધિકૃત દબાણની વાત કરતા ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નંબર સાત ના કોર્પોરેટર હિરલબેન યુ. જોષી જણાવે છે કે, ગાંધીનગર મનપામાં સમાવિષ્ટ વોર્ડ નંબર-૭ ના વિસ્તાર સેક્ટર-૩, ૫ અને ૬ મા ઝૂંપડપટ્ટી અને અનઅધિકૃત દબાણનું પ્રમાણ ખૂબ જ છે તેમજ ઝુપડપટ્ટીમાં વસતા લોકો દ્વારા ખૂબ જ ગંદકી ફેલાવવામાં આવી રહી છે જેને કારણે સેકટરના વસાહતીઓને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે આ અંગે વારંવાર રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી હાલમાં લોક ડાઉનને કારણે મોટાભાગના મજૂરો ઝુપડપટ્ટી છોડીને વતન ચાલ્યા ગયા છે અને જે અહી રહે છે તે મજૂરોને સાફ-સફાઈની જાળવણી અને સ્થાનિક વસાહતીઓને પડતી મુશ્કેલીઓના નિવારણ અર્થે મનપા દ્વારા રેન બસેરા કે અન્ય સરકારી યોજના અંતર્ગત રહેઠાણ આપી સંપૂર્ણ ઝુપડપટ્ટીને હટાવવા તંત્રને તેમના દ્વારા વિનંતી કરવામાં આવે છે.

## જવાહર નવોદય વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા સેવાકીય કાર્ય


ગાંધીનગર, તા.૨

રાજયના દરેક શહેરમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કોહરામને લીધે થયેલા લોકડાઉનમાં શ્રમજીવી અને જરુરીયાત મંદ નાગરીકોને મદદ કરવા માટે જવાહર નવોદય વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના સભ્યો આવી પહોંચ્યા હતા.અત્યાર સુધી આન દ્વારા રાજયમાં ૯૦૦ થી વધુ અનાજની કીટ જરૂરીયાત મંદોને આપવામાં આવી છે. જયારે આન દ્વારા ગાંધીનગર શહેરમાં પણ ૩૦૦ થી વધુ કીટનું વિતરણ કરાયુ છે. જયારે આનની સેવાકીય પ્રવૃતિ અનાજની કીટ વિતરણ હાલના તબક્કે પણ કાર્યરત છે.

રાજયભરમાં જવાહર નવોદય વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સંગઠન બનાવાયુ છે. જેને આન એટલે કે એલ્યુમની એસોસિએશન ઓફ નવોદયા નામ આપવામાં આવ્યું છે. આન સંગઠનના સભ્યો દ્વારા વર્ષ ૨૦૧૬ થી સતત વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. દર વર્ષે બાળકોને સ્કુલબેગ, સ્ટેશનરી આપવામાં આવે છે. તો બીજીતરફ દિલ સે દિવાળીના સ્લોગન સાથે ગરીબ બાળકોને હોટલ, રેસ્ટોરન્ટ, ડોમીનોઝ, મેકડોનાલ્ડમાં લઈ જઈને ભરપેટ ભોજન અને મીઠાઈ ખવડાવી દિવાળીની ઉજવણી કરવામાં આવે છે. આન ગુજરાત



હરહંમેશ માત્ર સેવાના ઉદેશથી કામ કરી રહી છે. વૃધ્ધાશ્રમના વડીલો સાથે પણ આ ટીમ એક દિવસ પસાર કરે છે. જયારે શાળાના બાળકો સાથે વિવિધ પ્રવૃતિઓ અને તહેવારોની ઉજવણી કરાય છે. આન દ્વારા લોકડાઉનના સમયગાળા દરમિયાન સતત ૧૫ દિવસ સુધી ૯૦ શ્રમિકોને સવાર સાંજ જમવાનું પુરું પાડ્યુ હતું. જયારે કપરી સ્થિતિ વચ્ચે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને પણ લીંબુ શરબતની સેવા આપી હતી. કોરોનાની જાગૃતિ માટે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ પણ કરવામાં આવી હતી. આન ગુજરાતની ટીમ રાજયના છેવાડાના ગામના જરૂરીયાત મંદ નાગરીકોને પણ સેવા પુરી પાડી છે. આન ગુજરાતના સભ્યોમાં અનુપમ પરમાર, સંજય પટેલ અને આકાશ પૂજારા હર હંમેશ સેવાકીય ધોધ વહાવી રહ્યા છે.



## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા અગિયારસ નિમિતે ઓનલાઈન ભજન કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨

ભકિત સાથે ભજન એ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે હાલ ભેગા મળીને ભજન તો ન થઈ શકે પરંતુ ઓનલાઈન એપ્લીકેશન દ્વારા વીડિયો કોલિંગના માધ્યમથી નગરની સંસ્કૃતિ મહિલા પરિવારની તમામ બહેનો દ્વારા અગિયારસ નિમિત્તે ના ભજન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દવે દ્વારા દરેક બહેનોને શપથ લેવડાવવામાં આવ્યા હતા કે, બહેનો માસ્ક પહેરીને જ ઘરની બહાર જશે, કામ વગર ઘરની બહાર નહીં જાય અને જવાનું થાય તો પણ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરશે અને ભજનના અંતે તમામ દ્વારા કોરોના સંપૂર્ણ દેશમાંથી નાબૂદ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## સે-૭ સી ના રહીશ તેમજ યુવાનો દ્વારા રાશન કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૨

એકાદશીના પર્વે સે-૭ સી ના વસાહતી અને લાલઘર પ્રોવિઝન સ્ટોરના માલિક સતીષભાઈ પટેલ અને તેમના મિત્ર પ્રશાંતભાઈ જોષી દ્વારા ખૂબ જ સકારાત્મક અભિગમ વ્યક્ત કરી સતિષભાઈ પટેલ તથા પ્રશાંતભાઈ જોષી અને સે-૭ સી ના યુવાનો દ્વારા ખાદ્યસામગ્રીની રાશન કીટનું યોગ્ય વ્યક્તિઓને વિતરણ કરવામાં આવ્યું હતું તથા તેમના દ્વારા સે ૭- સીની તમામ રચનાત્મક પ્રવૃત્તિની નોંધ લઈ દરેક રીતે મદદ કરવાની તત્પરતા દર્શાવવામાં આવી છે.

### ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ સરકારે પરિપત્ર જાહેર કર્યો

## હવે કોરોના ટેસ્ટ માટે કોઇ પણ પ્રકારની મંજૂરીની જરૂર નહિઃ રાજ્ય સરકાર

### ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શનના આધારે કોઈપણ પ્રાઈવેટ લેબમાં કોરોનાના ટેસ્ટ થઈ શકશે

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં કોરોના વાયરસની વૈશ્વિક મહામારી ચાલી રહી છે. ગુજરાત હાઈકોર્ટમાં ખાનગી લેબોરેટરીઓમાં કોરોના વાયરસના ટેસ્ટને લઈને થયેલી અરજીમાં કોર્ટે સરકારને આદેશ આપ્યા બાદ આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાત સરકારે જણાવ્યું છે કે કોવિડ ૧૯ ટેસ્ટ માટે કોઈપણ પ્રકારની મંજૂરીની જરૂર નથી. ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શનના આધારે કોઈપણ પ્રાઈવેટ લેબમાં કોરોનાના ટેસ્ટ થઈ શકશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, સરકારી કે ખાનગી લેબોરેટરીમાં કોરોનાં ટેસ્ટ કરાવવા સંદર્ભને લઈને આજે રાજય સરકારે એક પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં ખાનગી તબીબનાં પ્રિસ્ક્રીપ્શનનાં આધારે ખાનગી કે સરકારી લેબોરેટરીમાં કોરોનાના ટેસ્ટ હવેથી થઈ શકશે. આ માટે કોઈપણ પ્રકારની પુર્વ મંજુરી લેવાની રહેશે નહીં. ખાનગી તબીબ અને લેબોરેટરીઓએ જીલ્લા કોર્પોરેશનનાં આરોગ્ય અધિકારીઓને માત્ર ઈ મેલ દ્વારા જાણ કરવાની રહેશે. અથવા તો સરકાર માન્ય મોબાઈલ એપ્લિકેશન પર દર્દીની વિગત અપલોડ કરવાની રહેશે.

પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, કોરોનાં સંક્રમિત થવાની શક્યતાના આધારે દર્દીને ટેસ્ટ કરવાની જરુર જણાય ત્યારે દર્દીને દાખલ કરવાનો રહેશે, અને રિપોર્ટ નેગેટિવ આવે તો જ દર્દીને રજા આપવી. આઈસીએમઆરની ગાઈડ લાઈન સિવાયનાં કિસ્સામાં જો કોરોનાં ટેસ્ટ કરવાનો થાય તો જે તે હોસ્પિટલ તબીબે મેડીકલ સુપ્રિન્ટેન્ડેટ સોલા સિવિલ, જીલ્લા આરોગ્ય અધિકારી,આરોગ્ય અધિકારી મહાનગર પાલિકાની મજૂરી લેવી પડશે. મજૂરી આપનાર અધિકારીએ મજૂરી માટેની અરજી મળ્યાનાં ૨૪ કલાકમાં જ યોગ્ય જણાય તો મજૂરી આપવાની રહેશે.

## શુક્રવારે સે-૧૬માં લીલાવતી આંખની હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક આંખની તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં કોવિડ-૧૯ મહામારીમાં નાગરિકો છેલ્લા બે માસથી લોકડાઉનમાં હતા જે હવે પુરું થઈ જતા પોતાના કાર્યો પર પુનઃ કાર્યાન્વિત થઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન કોરોના સંક્રમણના ભયને કારણે અનેક નાની-મોટી તકલીફો જેવી કે આંખ સંબંધી તકલીફ વગેરે માટે નાગરિકો હોસ્પિટલમાં જવાનું ટાળતા હત. હવે ગાંધીનગરના સેકટર-૧૬માં આવકાર રેસ્ટોરેન્ટની પાછળના ભાગે પહેલા માળે સ્થિત લીલાવતી આંખની હોસ્પિટલ દ્વારા આગામી તા. ૫મી જૂન શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન 'આંખની નિઃશુલ્ક તપાસ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ કેમ્પમાં નાગરિકોએ આંખ સંબંધી તકલીફો માટે નિદાન કરાવવા આવી શકે છે પરંતુ આંખોના નંબર ચેક કરાવવા આવવું નહીં તેવું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. વાળંદ ભીખાભાઈ શાંતિભાઈ, ઉ.વ. ૬૫, મુ. જુના પાલજ
- સ્વ. કાન્તાબેન મહેન્દ્રકુમાર યાદવ, ઉ.વ. ૮૫, મુ. વાવોલ
- સ્વ. અમરતભાઈ મફાભાઈ દંતાણી, ઉ.વ. ૩૧, સે-૨૮
- સ્વ. ભવેન્દ્રરાય રતિરાય માંકડ, ઉ.વ. ૭૪, સે-૨૨

# ફરી લાઈટ, એકશન, કેમેરા... પહેલું શુટિંગ અવની મોદી પર

## ગુજરાત સરકારે ગાઈડલાઈન નક્કી કરીને ફિલ્મ શુટિંગને મંજૂરી આપી : ગુરુવારે રાજકોટમાં લોકડાઉન પછીનું પ્રથમ શુટિંગ થશે જેમાં અવની મોદી પર એડ ફિલ્મ ફિલ્માવાશે

ગાંધીનગર, તા.૨

અનલોક-૧ના પ્રારંભ સાથે સમગ્ર ગુજરાતમાં જનજીવન પુનઃ ધબકતું થઈ રહ્યું છે અને વિવિધ ક્ષેત્રે કામકાજનો પ્રારંભ થઈ રહ્યો છે. રાજયમાં લાંબા સમયથી ફિલ્મો, ટેલિવિઝન, મ્યુઝિક, વિડિયોઆલ્બમ વગેરેના અટવાઈ પડેલા શુટિંગ પણ હવે રાજય સરકારે ગાઈડલાઈન નિયત કરીને તેનું પાલન કરવાની શરતે શરૂ કરવા લીલી ઝંડી આપી દીધી છે. જે અંતર્ગત રાજયમાં સૌ પ્રથમ શુટિંગ આગામી ગુરુવારે રાજકોટ ખાતે એક એડ ફિલ્મનું થવા જઈ રહ્યું છે જે ગાંધીનગરની દિકરી અને બોલીવુડ અભિનેત્રી અવની મોદી પર ફિલ્માવાશે.

તાજેતરમાં ગુજરાતમાં મનોરંજન ક્ષેત્રે ફિલ્મો, ટીવી સિરિયલ્સ તેમજ વિવિધ આલ્બમ્સના શુટિંગને મંજૂરી આપવા માટે મુખ્યમંત્રી સમક્ષ ધારાસભ્ય હિતુ કનોડિયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ સંદર્ભે અગ્ર મુખ્ય સચિવે એક ચોકકસ ગાઈડલાઈન જાહેર કરવા સાથે કન્ટેન્મેન્ટ સિવાયના વિસ્તારમાં શુટિંગ કરવાની મંજૂરી આપી છે. જેમાં પ્રસ્થાવિત ગાઈડલાઈનનો ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે. આ મંજૂરી બાદ ગુજરાતમાં લોકડાઉન પછીનું જે પ્રથમ ફિલ્મ શુટીંગ થવા જઈ રહ્યું છે તે એક એડ ફિલ્મનું છે અને તેમાં કેલેન્ડર ગર્લ ફેઈમ ગાંધીનગરની અભિનેત્રી અવની મોદી પર આ એડ ફિલ્માવાની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાપ્ત વિગતો અનુસાર આ એડ ફિલ્મ સૌ પ્રથમવાર 'મેઈડ ઈન ચાઈના'ને બદલે રાજકોટમાં જ બનેલા સેન્સર અને સંપૂર્ણ ઓટોમેટિક સેનેટાઈઝર મશીનની જાહેરાત માટેની ફિલ્મ બની રહી છે. શુટિંગ દરમિયાન સરકારની ગાઈડલાઈન મુજબ ટેમ્પરેચર ગન, મર્યાદિત ક્રૂ મેમ્બર્સ, સેનેટાઈઝિંગ, સોશ્યલ ડિસ્ટન્સિંગ વગેરેનું પાલન કરાશે.



### હવે સેટ પર 'ચા' ના બદલે 'સેનેટાઈઝર' ફરશે : અવની મોદી

કોવિડ-૧૯ મહામારીના પગલે લાગુ પડેલા લોકડાઉન પછી સૌ પ્રથમવાર શરૂ થઈ રહેલા લાઈટ, કેમેરા, એકશનનો પ્રારંભ ગાંધીનગરની અભિનેત્રી અવની મોદીથી થઈ રહ્યો છે તે અંગે ગાંધીનગર સમાચાર સાથે વાત કરતા અવની મોદીએ જણાવ્યું હતું કે, 'કોરોના પછીની જિંદગી કેવી રહેશે અને કેવી ગાઈડલાઈન નિયત કરવી તે અંગે ઘણા બધા એસોસિએશન કામ કરી રહ્યા છે. જેમાં મર્યાદિત કાસ્ટ સાથે કામ કરવુંથી માંડીને સલામતીના પગલાં વગેરે સામેલ છે. અગાઉ રાજયમાં સો-સવાસો સભ્યોનું યુનિટ કામ કરતું હતું ત્યાં હવે એક વ્યકિત પર ત્રણથી ચાર જવાબદારીનો બોજ આવશે અને યુનિટ ચોથા ભાગનું બની જશે. આ યુનિટમાં મોટી ઉંમરના ટેકનિશિયન્સ જેમને સ્વાસ્થ્ય સંબંધી કોઈ તકલીફ હોય તો તેમને સ્થાન નહી મળી શકે, સેટ પર અગાઉ જયાં ચા ફરતી હતી તેને બદલે હવે સેનેટાઈઝર ફરતું દેખાશે, એક કે બે વ્યકિત એવી હશે તેમની જવાબદારી સેટ પર આવનાર દરેકનું ટેમ્પરેચર વારંવાર ચેક કરવું, સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાય તેની તકેદારી રાખવી, સેનેટાઈઝર પુરું પાડવું, સેટનું ફ્યુમિગેશન કરાવવુ વગેરેની હશે. જો કે લોકડાઉન પછીનુ શુટિંગ એટલું મુશ્કેલ નહી બને પરંતુ તે ચોકકસ ટૂંકા ગાળાનું રહેશે, હવે લાંબા ગાળાના શુટિંગ ટાળવામાં આવશે આ સાથે ઓનસ્ક્રીમ સોશ્યલ ડિસ્ટન્સ કેવી રીતે જાળવવું જેમ કે રોમાન્સ વગેરેના સીનનું શુટિંગ કેવી રીતે કરવું તે હજુ ચોકકસ નથી પરંતુ એટલું ચોકકસ છે કે હવે ફિલ્મ મેકિંગમાં વીએફએસ સહિતની કોમ્પ્યુટર ગ્રાફિક્સ ટેકનોલોજીનું ચલણ ખુબ વધી જશે.'